
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... થેન્ક્યુ... તમે અમને દોરાથી બચાવી લીધા... હવે મને પોલીસથી બચાવવામાં હેલ્પ કરજો... હેલ્મેટ પહેરવાનું ભૂલી ગયો છું...

# મનપાની સામાન્ય સભા ૧૬મીએ મેયરની અધ્યક્ષતામાં મળશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓ પછીની પ્રથમ સામાન્ય સભા ૧૬મીને મંગળવારે બપોરે ૧૨ વાગે મનપાના હોલમાં મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષસ્થાને મળશે. આ બેઠકમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના ધાર્મિક સ્થાનો પર શેડ બનાવવા માટે કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી તેનો ખર્ચ કરવાની મંજૂરી આપવા અંગે કમિશનરે કરેલી દરખાસ્તને જેને અગાઉ સ્થાયી સમિતિએ મંજૂરી આપી છે તેને સામાન્ય સભાની મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

આજ બેઠકમાં પબ્લીક હેલ્થના બાયલોઝ-૨૦૧૭ને પણ બહાલી આપવા અંગેની દરખાસ્ત સામાન્ય સભામાં રજુ કરી મંજૂરી આપવામાં આવશે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ બે મહિના બાદ આ સામાન્યસભા મળી રહી છે તેથી થોડીક રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. આ બેઠકમાં કોંગ્રેસ દ્વારા પ્રજાના વણઉકલ્યા પ્રશ્નો તેમજ ડસ્ટબીનોના વિતરણની વ્યવસ્થાને લઈ પ્રશ્નો ઉભા કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. આ બેઠક માટે હાલ તો ભાજપ-કોંગ્રેસ બન્ને પોતાની રણનીતિ તૈયાર કરવામાં લગાવ્યા છે. જો કે બન્ને પક્ષો હાલ કંઈ બોલવા તૈયાર નથી.



ગુડા ગ્રામ્ય વિકાસ સહયોગ યોજના અન્વયે ગુડા દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાના કામોનુ ખાતમુહુર્ત કરવામાં આવી રહયુ છે. ગઈકાલે દોલારાણા વાસણામાં પણ સી સી રોડના કામનુ ખાતમુહુર્ત કરાયુ હતુ. જયારે શુક્રવારે પણ અંબાપુર ગામમાં આર સી સી રોડના કામ માટે ભુમિપુજન કરાયુ હતુ. જેમાં રબારીવાસથી ઈન્દીરા પુરા સુધીના રસ્તાના કામને અનુલક્ષી ભુમિપુજન કરાયુ હતુ. આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોર ગુડાના ચેરમેન આશિષ દવે સહીત ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

# જિલ્લા આચાર્ય સંઘે તેજસ્વી તારલાઓનું સન્માન કર્યું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર તાલુકાના દંતાલી ખાતેની ડાહીબા વિદ્યાલયમાં જિલ્લા આચાર્ય સંઘ દ્વારા તેજસ્વી તારલાંઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લાના એચએસસી તથા એસએસસી બોર્ડમાં ચમકેલા તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત આચાર્યોના સંતાનો તથા જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પણ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘના આ કાર્યક્રમમાં જિલ્લાની દરેક શાળાના આચાર્યો, તેજસ્વી વિદ્યાર્થીઓ તથા વાલીઓ, દંતાલી ગામના અગ્રણી ગ્રામજનો ઉપરાંત પીડીપીયુના પ્રાધ્યાપક ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ તેમજ યજમાન શાળાના આચાર્ય દ્વારા મહેમાનોનું સ્વાગત કરી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# દહેગામના ગુર્જર સિનેમા પાસે એલસીબીનો દરોડો

### પોલીસને જોઈને બુટલેગર દારૂ-બિયર ભરેલો થેલો મુકીને ફરાર

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે દહેગામમાં ગુર્જર સિનેમા પાસે દારૂનો વેપલો થાય છે. જે આધારે ટીમે દરોડો પાડયો હતો. જો કે પોલીસને જોઈને બુટલેગર દારૂ-બિયર ભરેલી બેગ મુકીને ભાગી ગયો હતો. એલસીબીની ટીમે દારૂ-બિયર ભરેલો થેલો જપ્ત કરી લઈને બુટલેગરને પકડવા તજવીજ શરુ કરી છે.




એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમને બાતમી મળી હતી કે દહેગામ મટન માર્કેટ નજીક જીમની બાજુમાં રહેતો ભલા કાળા રાવળ ગુર્જર સિનેમાની બાજુમાં રાવળ વિદેશી દારૂ-બિયરનો વેપલો કરી રહ્યો છે અને ભલા દારૂ વેચવા ગયો છે. જે આધારે એલસીબીની ટીમ તાત્કાલીક સ્થળ પર પહોંચી ગઈ હતી અને રેઈડ કરી હતી.

પોલીસને જોઈને બુટલેગર ભલા રાવળ દારૂ બિયરનો થેલો પડતો મુકીને નાસી ગયો હતો. તો બીજી તરફ એલસીબીની ટીમે થેલો જપ્ત કરી ભલા રાવળ સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે. થેલામાંથી ૪ બોટલ વિદેશી દારૂ અને ૬ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૨૩૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

## ધોળાકુવા પાસેથી દારૂ-બિયર સાથે બુટલેગરને દબોચી લીધો

ઈન્ફોસીટી પોલીસ મથકના ડી સ્ટાફના એએસઆઈ પુનમભાઈ તથા સ્ટાફને ચોકકસ બાતમી મળી હતી કે ધોળાકુવાનો લીસ્ટેડ બુટલેગર મુકેશ ગણેશજી ઠાકોર ધોળાકુવા ગામે દશામાતાના મંદિર પાસે ખુલ્લા મેદાનમાં દારૂ-બિયરનો વેપલો કરે છે. આ બાતમી આધારે દરોડો પાડી મુકેશ ઠાકોરને પ્લાસ્ટીકના થેલા સાથે પકડી પાડયો હતો. થેલામાંથી ૪ નંગ વિદેશી દારૂની બોટલ, ૭ નંગ બિયરના ટીન અને ૪૧ નંગ પ્લાસ્ટીકના કવાર્ટર મળી કુલ રૂ. ૪૮૫૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. મુદ્દામાલ જપ્ત કરી ઈન્ફોસીટી પોલિસે મુકેશ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી.

# કલોલમાં ધોળાદિવસે બ્રાહ્મણ યુવાનની હત્યા કરવાના કેસમાં આરોપીના જામીન નામંજુર

ગાંધીનગર તા ૧૨

કલોલમાં સુદર્શન કોમ્પલેક્ષ પાસે ધોળાદિવસે એક વ્યક્તિને ચપ્પાના ઘા મારી મોતને ઘાટ ઉતારવાના કેસમાં કલોલ એડિશ્નલ સેસન્સ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજુર કરવાનો હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત મુજબ તા ૨૬ નવેમ્બર વર્ષ ૨૦૧૭ના રોજ કલોલમાં વ્હાઈટ હાઉસ પાસે સુદર્શન કોમ્પલેક્ષ પાસે ભરબપોરે પૈસાની ઉઘરાણી બાબતે આરોપી કુલદીપ મહેશભાઈ રાવળ એ મહેશ લાલજી રાવળએ ભેગા મળી આ કેસના ફરિયાદી વિક્રમભાઈ હીંમતભાઈ પુરોહીતને ચપ્પાના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જયારે ગડદાપાટુનો મારા મારી નિતેષ હિંમતભાઈ પુરોહીતનુ ખુન કર્યુ હતુ. આ કેસના ફરિયાદી વિક્રમભાઈ હજુ પણ સારવાર હેઠળ છે. જયારે નિતેષભાઈનુ મોત નિપજયુ હતુ. આ બન્ને આરોપીઓ વિરુધ્ધ કલોલ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી પાલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ સંદર્ભે કલોલ કોર્ટમાં આરોપી મહેશ લાલજી રાવળે જામીન અરજી રજુ કરી હતી. જયારે આ અરજીનો વિરોધ કરતા સરકારી વકીલ પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે જણાંવ્યુ હતુ કે આરોપીએ ધોળા દિવસે બજારમાં હત્યા કરી છે. મરણ જનાર નિતેષના આખા શરીર પર ઘા માર્યા છે. જયારે ઉઘરાણીની નજીવી બાબતે મર્ડર કર્યુ છે. ત્યારે સમાજમાં દાખલો બેસે તે માટે આરોપીને જેલમાં રાખી જામીન અરજી નામંજુર કરવી જોઈએ. આરોપીઓ માથાભારે હોવાથી પુરાવા સાથે ચેડા કરી શકે તેમ છે. આરોપીઓએ બ્રાહ્મણ રાજપુરોહીત કુંટુંબના નાની વયના દિકરાની હત્યા કરી પરિવારનો સહારો પણ છિનવી લીધો છે. જે દલીલોને ધ્યાને લઈ જજ બી ડી પટેલે આરોપીના જામીન અરજી નામંજુર કરવાનો આદેશ કર્યો છે.

### ટીંટોડા (નાનપુરા)ના યુવકો દ્વારા ફાળો એકઠો કરી

# લોકભાગીદારીથી શ્વાન માટે લાડુ બનાવવામાં આવ્યા



ગાંધીનગર, તા.૧૨

ટીંટોડા (નાનપુરા) ના યુવકો દ્વારા ફાળો એકઠો કરી લોક ભાગીદારી થી શ્વાન માટે લાડુ બનાવવા માં આવ્યા . ટીંટોડા(નાનપુરા) મા વસતા ગ્રામજનો દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ઉતરાયણ પર્વમાં શ્વાનને લાડુ ખવડાવવામાં આવે છે. ઉતરાયણમાં દાન પુણ્યનો અનેરો મહિમા હોય છે. જેમ ગાયમાતા ને લીલો ચારો નાખવામા આવે છે અને શ્વાનને લાડુ ખવડાવવામાં મકરસંક્રાતિમાં મુંગા પશુઓને આહાર આપી ગામના યુવાનો દ્વારા આ ઉમદા કાર્ય દર વર્ષ કરવામા આવે છે.

# વિરાતલાવડી ગામે ગાલ પચોળિયાના ૨૦ કેસ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના વિરાતલાવડી ગામે ૨૦ જેટલા બાળકોને ગાલ પચોળિયા થયાનું જણાતાં આરોગ્ય તંત્ર દોડતુ થયુ છે. વડોદરાના વતની અને જિલ્લા પંચાયતના સદસ્ય દિનેશજી ઠાકોરના જણાવ્યાનુસાર વિરાતલાવડી ગામે ગઈકાલે આ રોગના દર્દીઓએ દેખા દીધી હતી અને તાત્કાલિક બાળકોની સારવાર શરૂ કરી દેવામાં આવી છે.

તેમણે જણાવ્યું છે કે હાલ આ બાળકોની સ્થિતિ સારી છે અને તેઓ ધીરે ધીરે સ્વચ્થતા પ્રાપ્ત કરી રહ્યા છે. ડભોડા પ્રા.આ. કેન્દ્ર દ્વારા આ બાળકોની સારવાર તાત્કાલિક શરૂ કરવાના અભિગમને તેમણે બિરદાવ્યો હતો.

# સંસ્કૃતિ સંસ્થા દ્વારા ગાંધીનગરના કલાકારોની ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની જાણીતી અને લોકપ્રિય કલા સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ડિરેકટરી બનાવવાની કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચુકી છે ત્યારે સંસ્થા દ્વારા એ વાતની કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનીય અને અત્યંત આશાસ્પદ છે તેવા તમામ કલામર્મીઓનો સમાવેશ થાય. જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તે સર્વેને વિનંતી છે કે પોતાની વિગતો સત્વરે આપીને આ કલા વિષયક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે. આ માટેની વધુ વિગતો માટે ડૉ. ચેતના બુચ ૯૮૨૫૮ ૧૬૦૧૮ તથા હરેશ ઠાકર ૯૪૨૭૩ ૧૭૪૪૯નો સંપર્ક કરી શકાશે.

# લોકતંત્ર બચાવો સત્યાગ્રહ સમિતિ દ્વારા સાબરમતિથી દાંડીયાત્રાનું આયોજન

### ચૂંટણીની વીવીપેટ મશીનની સ્લીપોનો નાશ ન કરવા લોકતંત્ર બચાવો સત્યાગ્રહ સમિતિ દ્વારા રાજયના મુખ્ય ચૂંટણી કમિશનરને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચુંટણીમાં ઈવીએમ સાથે વીવીપેટ મશીનો ગોઠવવામાં આવ્યા હતા. પરંતુ આ તમામ વીવીપેટ સ્લીપોની ગણતરી કરવામાં આવી નથી. ચુંટણીમાં હાર મેળવેલા ઉમેદવારોએ કોર્ટમાં વીવીપેટ સ્લીપો ગણવાની માંગણી કરી છે. ત્યારે ન્યાયીક પ્રક્રિયા પુરી ન થાય ત્યાં સુધી આ સ્લીપોનો નાશ ન કરવા લોકતંત્ર બચાવો સત્યાગ્રહ સમિતિ દ્વારા રાજયના મુખ્ય ચુંટણી કમિશનરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે. જયારે ઈવીએમ મશીનથી નહી માત્ર બેલેટ પેપરથી જ મતદાન થાય તે માટે ગાંધી ચિંધ્યા માર્ગે લોકતંત્ર બચાવો સત્યાગ્રહ સમિતિ દ્વારા સાબરમતિથી દાંડી સુધીની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત વિધાનસભાની ચુંટણી પહેલા અને ઈવીએમની સાથે વીવીપેટ લગાવી પારદર્શક ચુંટણી કરાવવા લડત લડી, પરંતુ ચુંટણી પંચે તટસ્થ ચુંટણી થાય અને વીવીપેટની અંદર પડેલા મતોની ઓછામાં ઓછી ૨૫ ટકા ગણતરી ન કરાવીને જનતા સાથે, મતદારો સાથે, ચુંટણીમાં ઉભેલા ઉમેદવારો સાથે છેંતરપિંડી કરી હોય તેવું બધાને લાગી રહ્યું છે. કરોડો રૂપીયાનો ધુમાડો કરીને વીવીપેટ મશીનો ખરીદીને એની અંદર બનેલા પડેલા વોટોની ગણતરી ન કરીને જનતાની લાગણી દુભાઈ હોય તેવું લાગી રહ્યું છે. મોટાભાગના દેશોમાં ઈવીએમ હટાવવામાં આવ્યા છે અને બેલેટ પેપરથી ચુંટણી થાય છે. તો ભારતમાં પણ ચુંટણી પંચે લોકશાહીના મુલ્યો સચવાય અને જનતાને ન્યાયિક પરિણામો મળે, શંકા-કુશંકાઓ થી પર પરિણામો મળે તે માટે બેલેટ પેપરથી ચુંટણી કરવી જોઈએ તેમ લોકતંત્ર બચાવો સત્યાગ્રહ સમિતિએ રાજયના ચુંટણી કમિશનરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી છે. ઈવીએમ મશીનો હટાવી બેલેટ પેપરથી ચુંટણીની લડતના ભાગરુપે દાંડી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાબરમતિથી દાંડી સુધી યાત્રા નીકળશે. જેમાં રાજયના હજ્જારો નાગરીકો જોડોશે તેમ લોકતંત્ર બચાવો સત્યાગ્રહ સમિતિ દ્વારા જણાવાયું છે.



ભારત વિકાસ પરિષદ દ્વારા બાળકોને ચીકીનું વિતરણ

ગાંધીનગર શહેરની સેવાકીય સંસ્થા ભારત વિકાસ પરિષદ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે.ત્યારે ઉતરાયણના તહેવારમાં દાન-પુણ્યનો મહિમા અનેરો હોય છે. સેવાભાવિ નાગરીકો દ્વારા ગાયને ઘાસ તેમજ શ્વાનને લાડું ખવડાવીને દાન-પુણ્ય કરાય છે. ત્યારે ભારત વિકાસ પરિષદ દ્વારા સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ અને ઉતરાયણ નિમિતે ફતેપુરા (વારીગૃહ) પેથાપુર શાળામાં તેમજ તેની બાજુમાં આવેલી બાપુપુરા શાળામાં અભ્યાસ કરતા ૨૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને સીંગ-તલની ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સદકાર્યમાં ભારત વિકાસ પરિષદના ૨૦ થી વધુ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# કરૂણા અભિયાન અન્વયે ૫૦૦થી વધુ ટુ વ્હીલરચાલકોને સેફ્ટીગાર્ડ લગાડાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને વન વિભાગ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજરોજ કરૂણા અભિયાન અંતર્ગત નગરના ટુ-વ્હીલર ચાલકોને સેફટી ગાર્ડનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ વિના મૂલ્યે સેફટી ગાર્ડ મેળવનાર ટુ-વ્હીલર ચાલકો દ્વારા ગાંધીનગરના હાર્દસમા 'ઘ' માર્ગ પર જન જાગૃતિ અર્થે એક રેલી યોજવામાં આવી હતી. ૫૦૦ થી વધુ ટુ-વ્હીલર ચાલકોએ વિના મૂલ્યે સેફટી ગાર્ડ લગાળ્યા બાદ રેલીમાં સ્વયંમૂ જોડાઈને કરૂણા અભિયાન પાછળના રાજય સરકારના ઉમદા અભિગમને આવકાર્યો હતો. આ રેલીના ગાંધીનગર જિલ્લા કલેકટર સતીશ પટેલે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી.

રાજય સરકારના કરૂણા અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર અને નાયબ વન સંરક્ષકની કચેરીના અધિકારી-કર્મચારીઓએ ફંડ એકઠું કર્યું હતું. આ એકઠા થયેલા ફંડમાંથી અંદાજે રૂ. ૨૫ હજારની કિંમતના ૫૦૦થી વધુ સેફટી ગાર્ડની ખરીદી કરી હતી. આજરોજ ઉત્તરાયણના પર્વમાં નગરના ટુ-વ્હીલર ચાલકોને ચાલું વાહને આડી આવતી દોરીથી રક્ષણ કરે તેવા સેફટી ગાર્ડનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે નાયબ વન સંરક્ષક અતુલ અમીનના માર્ગદર્શન હેઠળ તેમના સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# કરૂણા અભિયાન અંતર્ગત કન્ટ્રોલરૂમનો પ્રારંભ

ઉત્તરાયણ એ આનંદ અને ઉત્સાહનું પર્વ છે. ઉત્તરાયણ દરમ્યાન કેટલાય લોકો ધાબા પરથી પડી જવાના બનાવ બનતાં હોય છે. તેમજ કેટલાય અબોલા પક્ષી-પશુઓ અને ટુ-વ્હીલર ચાલકો દોરીથી ઘાયલ થતાં હોય છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરૂણા અભિયાન અંતર્ગત ઉત્તરાયણ-૨૦૧૮ના પર્વમાં આવી કોઈ ઘટનાનો ભોગ બનનાર વ્યક્તિ અને પશુ-પક્ષીઓને તાત્કાલિક સારંવાર મળી રહે તેવા ઉમદા આશયથી સમગ્ર જિલ્લામાં કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે.

એચ.એમ. જાડેજાએ જણાવ્યું છે કે, અકસ્માતનો બનાવ બને તે સમયે ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર મળે તે માટે ખાસ મેડીકલ ટીમો તૈયાર કરવામાં આવી છે. તેમજ ગાંધીનગર જિલ્લા નાયબ વન સંરક્ષકની કચેરી તરફથી પણ આ બાબતે ખાસ કન્ટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. તેની સાથે જિલ્લા ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરમાં તા. ૧૨ થી ૧૫ મી જાન્યુઆરી દરમ્યાન રાઉન્ડ ધ કલોક કંટ્રોલ રૂમ કાર્યરત રેહશે. જેમાં પશુપાલન ખાતાના કર્મચારીઓ સવારના ૮ થી રાત્રિના ૯ કલાક દરમ્યાન પોતાની સેવા આપશે. જિલ્લા પશુપાલન અધિકારીની કચેરી દ્વારા જિલ્લામાં કુલ- ૩૪ સ્થળે પશુધન નિરીક્ષકોને કાર્યરત કરશે.

પશુ-પક્ષીઓ ઘાયલ થાય તો ગાંધીનગર શહેર અને ગ્રામ્ય માટે ડૉ. પી.એચ. પંચલોથીયા, મોબાઈલ નંબર-૯૪૨૬૭૫૯૩૮૮, દહેગામ તાલુકાવાસીઓએ ડૉ. પી.એસ. પટેલ મોબાઈલ નં. ૯૪૨૯૦ ૨૫૧૯૩, માણસા તાલુકાવાસીઓએ ડૉ. એસ. આઈ. પટેલ મોબાઈલ નં. ૯૪૨૬૪ ૮૮૨૩૮, કલોલ તાલુકાવાસીઓએ ડૉ. કિરણભાઈ પટેલ મોબાઈલ નં. ૯૪૨૮૦૬૨૧૬૧ પર સંપર્ક કરવો.





કલોલ ડિવિઝને જપ્ત કરેલો રૂ. ૩.૪૯ કરોડના દારૂનો નાશ કરાયો

ગાંધીનગર જિલ્લાના કલોલ ડિવિઝનમાં સમાવિષ્ટ અડાલજ, કલોલ સીટી, કલોલ તાલુકા, સાંતેજ સહિતના પોલિસ સ્ટેશનોમાં વાહન ચેકીંગ દરમિયાન અને ગોડાઉનોમાં દરોડા પાડીને પકડેલો વિદેશી દારૂ-બિયરનો જથ્થો આજે કોબા નજીક સુઘડ પાસે નાશ કરવામાં આવ્યો હતો. રૂ. ૩,૪૮,૮૭,૭૬૨ની કિંમતના દારૂ-બિયરના જથ્થા ઉપર આજે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.